



## ચિલોડા પંથકમાં પાછોતર મેઘરાજા પવન સાથે તુટી પડતાં તૈયાર ખરીફ પાકને નુકસાન

ગાંધીનગર તાલુકાના પૂર્વ વિસ્તારમાં ચિલોડા, મગોડી, ઈસનપુર મોટા, શિવપુરાકંપા ગ્રામ્ય વિસ્તારમાં ચાલુ સાલે જૂન માસમાં ખરીફ પાકમાં મગફળી, કપાસ, ડાંગરનું સારૂ વાવેતર કરવામાં આવ્યું છે. ત્યારે ચોમાસાના પ્રથમ તબક્કામાં વરસાદ નહીવત હોવાથી ચિંતા જન્મી હતી. ત્યારબાદ શ્રાવણ માસ બાદ મેઘરાજાનું આગમન થતાં ખેડૂતોમાં આશા જન્મી હતી. હવે સપ્ટેમ્બર માસમાં પાછોતર વરસાદના ઓચિંતા આગમન અને ખોરંભાયેલા વાદળો, આકરો તાપ, બફારો, ઉકળાટથી આજે ચિલોડા વિસ્તારમાં બપોર બાદ પવન સાથે થોડીક મિનિટોમાં ધોધમાર વરસાદ આવતાં ખેતરોમાં ઉભો તૈયાર ખરીફ પાક મગફળી, કપાસ-ડાંગરને જમીનદોસ્ત થાય તેવી દહેશતથી વધુ નુકસાન થવાની નોબત વાગતાં ખેડૂતોના મોં મા આવેલો કોળિયો ઝુંટવાઈ જાય તેવી શક્યતાથી ધરતીપુત્રો ભારે ચિંતાતુર બન્યા છે. એક બાજુ કોરોના મહામારીથી ધંધા-રોજગારની ચિંતા અને બીજી બાજુ નજર સમક્ષ ખરીફ પાક કેવી રીતે લેવો અને નુકસાનની ભીતીથી ખેડૂત આલમમાં ભારે હતાશા વ્યાપી છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેરમાં આજે રવિવારની રજાના દિવસે પણ ૪૩૫ જેટલા ટેસ્ટ કોરોનાને લઈ કરવામાં આવ્યા હતા.
- ગાંધીનગર શહેરના સરગાસણ વિસ્તારમાં આજે સાંજે લાઈટો ડુલ થતાં રહીશો ત્રાહિમામ પોકારી ગયા હતા.
- ગુજરાત રાજ્ય વકફ ટ્રિબ્યુનલની નવનિર્મિત કચેરીનું લોકાર્પણ ૨૯મીએ શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને રાજ્ય ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજાના હસ્તે થશે.
- આજે કોંગ્રેસના નેતાઓનું એક પ્રતિનિધિમંડળ રાજ્યના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતને મળશે.
- ભારત સરકારના ગ્રામ વિકાસના અધિકારીએ ગત સપ્તાહમાં માણસા તાલુકાના બાપુપુરા અને અન્ય એક ગામની સ્વચ્છતા અભિયાન તેમજ સામુહિક શૌચાલયો અંગે મુલાકાત લઈ તપાસ કરી હતી.
- ગાંધીનગર શહેરમાં ડેન્ગ્યુ અને મેલેરિયાના કેસો આ વખતે છુટા છવાયા મળી રહ્યા છે.
- સે. ૩ માં આયુર્વેદના ઉકાળાઓનું વિતરણ શરૂ કરાયુ છે અન તેને સારો પ્રતિસાદ મળી રહ્યો છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



ગાંડા ગભરાય છે શું ? ભલે અમારી પાસે કોરોનાની દવા નથી પણ તારી પાસે પૈસા તો છે જ ને...?!!

# મધુર ડેરીના મહિલા મેનેજરને ચેરમેનના ડ્રાઈવરે ધમકી આપી

## તમારાથી થાય તે કરી લો, આ ડેરીમાં મારું કશુ કોઈ બગાડી નહી શકે

ગાંધીનગર,તા.૨૭
શહેરની મધુર ડેરીના મહિલા મેનેજરને ડેરીના ચેરમેનની ગાડીના ડ્રાઈવરે "તમારાથી જે થાય તે કરી લો આ ડેરીમાં મારુ કશુ કોઈ બગાડી નહી શકે" તમે બહાર નીકળો તમારી ગાડીને ટક્કર મારી ચાર પલ્ટી ખવડાવી દઈશ કહીને જાનથી મારી નાંખવાની ધમકી આપતા ગભરાઈ ગયેલા મહિલા મેનેજરે સેક્ટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ કલોલ અનુપમ ફલેટ ખાતે રહેતા અવનીબેન જયેશભાઈ રાવ (ઉં.૫૦) ગાંધીનગર મધુર ડેરી ખાતે મેનેજર તરીકે ફરજ બજાવે છે. ગત તા.૨૫ સપ્ટેમ્બરના રોજ ડેરીના ચેરમેને તેમને એક સીસીટીવી ફુટેજનો વીડીયો મોકલી આપ્યો હતો. જેમાં કંપનીના પ્રોડકશન મેનેજર સાથે ડેરીના ચેરમેનનો ડ્રાઈવર દલપત ઉર્ફે દલપુજી મણાજી ઠાકોર (જલુંદ ગામ) અસભ્ય વર્તન કરતા નજરે પડ્યો હતો. જે અંગે તેને નોટીસ આપી ખુલાસો લેવાનો આદેશ મળતા મહિલા મેનેજર નોટીસ સિક્યુરીટી રૂમમાં મોકલી આપી હતી. પરંતુ દલપતે નોટીસ સ્વીકારી ન હોવાની જાણ મહિલા મેનેજરને થઈ હતી. જેથી દલપત બપોરના સમયે એક કલાકે ઓફિસના રજીસ્ટરમાં સહી કરવા માટે આવ્યો હતો. તે સમયે મેનેજરે નોટીસ કેમ સ્વીકારી નથી તેમ પુછતા તે ઉશ્કેરાઈ ગયો હતો. જેથી દલપતે મહિલા મેનેજરને તમારાથી થાય તે કરી લો, મારુ કોઈ કશુ બગાડી શકશે નહી, તમે બહાર નીકળો તમારી ગાડીને ટક્કર મારી ચાર પલ્ટી ખવડાવી દઈશ. જેથી સમગ્ર મુદ્દે ગભરાઈ ગયેલા મહિલા મેનેજરે એમડી ને જાણ કરી હતી. ત્યારબાદ ડેરીની ગાડીમાં જઈને સેક્ટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે દલપત ઠાકોર સામે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી શરુ કરી છે.

## વૈષ્ણોદેવી સર્કલ પાસેથી બાઈકની ચોરી

અમદાવાદ ચાંદખેડા રામેશ્વર એપાર્ટમેન્ટ રહે.૩-૩૧૦ખાતે રહેતા ગૌરાંગ ભીખાભાઈ આર્યન (ઉં.૩૫) સરખેજ આઈટીઆઈમાં ટર્નર ઈન્સ્ટ્રકટર તરીકે ફરજ બજાવે છે. ગત તા.૨૫ ના રોજ તેઓ સવારના સમયે સરખેજ નોકરી જવા માટે ઘરે થી નીકળ્યા હતા. ત્યારબાદ બાઈક નં. જી.જે.૦૧.જે.જી.-૨૧૩૪ વૈષ્ણોદેવી સર્કલ ગાલા હેવન પાસે સર્વિસ માર્ગ નજીક પાર્ક કરીને પોતાના મિત્રની અલ્ટો કારમાં સરખેજ નોકરી પર ગયા હતા. જયારે સાંજે નોકરીથી પરત વૈષ્ણોદેવી સર્કલ ખાતે પરત ફરીને જોયુ તો બાઈક જે સ્થળ પર પાર્ક કર્યું હતું તે સ્થળ પરથી ગાયબ હતું.

# પાલનપુરથી પેથાપુર રૂપીયાની ઉઘરાણી આવેલા વેપારીને માર માર્યો

## પેથાપુર ચોકડી વી.એસ.જ્વેલર્સ ખાતે બનાવ બન્યો

ગાંધીનગર, તા.૨૭
ગાંધીનગર શહેરને અડીને આવેલા પેથાપુર ચાર રસ્તા સ્થિત વી.એસ.જવેલર્સની દુકાનમાં પાલનપુરના વેપારીને ત્રણ શખ્સોએ માર માર્યો હોવાની ઘટના સામે આવી છે. પાલનપુરનો વેપારી રૂ.૨.૫૦ લાખની ઉઘરાણીએ આવ્યો હતો, ત્યારે મારી દુકાનમાં કેમ આવ્યો કહીને વેપારીને ગાલ પર તમાચો ઝીંકી દીધો હતો. વેપારીએ પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ શરુ કરી છે.

મળતી વિગત મુજબ પાલનપુર મોટી બજાર ટાવર દેરાસર પાસે વાસણની દુકાન ધરાવતા મહેન્દ્રભાઈ ગણેશભાઈ શાહે પેથાપુર પોલીસ મથકે ફરીયાદ મુજબ ધીરેન ઉર્ફે કબીર ભવરલાલ સોની પહેલા પાલનપુર ખાતે સોના-ચાંદીની દુકાન ધરાવતો હતો. ફરીયાદીએ પાંચ વર્ષ અગાઉ ચાંદી વેચાણ કરી હતી, જેમાં અઢી લાખ રૂપીયા તેમને લેવાના નીકળે છે. જેને પગલે પાલનપુરથી અમદાવાદ કામઅર્થે નીકળેલા ફરીયાદી પરત ફરતા પેથાપુર ખાતે પહોંચ્યા હતા. જયાં ધીરેનભાઈ, તેમના પિતા અને અન્ય એક શખ્સ હાજર હતા. તે સમયે ફરીયાદીએ રૂપીયાની ઉઘરાણી કરતા ધીરેન સોનીએ મારી દુકાનમાં કેમ આવ્યો છે કહીને જોરથી લાગ પર તમાચો મારી દીધો હતો. જેથી ત્રણેય જણાણે વેપારીને મારમારીને ગાળો બોલી હતી. ત્યારબાદ ફરીવાર અહી દેખાયા તો જાનથી મારી નાંખીશ કહીને ધમકી આપી હતી.

આ સમયે અન્ય નાગરીકોએ વેપારીને વધુ મારમાંથી છોડાવ્યા હતા. જેથી સમગ્ર બનાવ અંગે વેપારીએ પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# મારી ફાંસીની સજા કેન્સલ થવી જોઈએ નહીં; હું ફાંસી ચઢી દેશને વધારે કામ આવી શકીશ

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

અંગ્રેજી હકૂમતને પડકારનારા શહીદવીર ભગતસિંહને જ્યારે ફાંસીની સજા થઈ ત્યારે તેમની ચિંતા એ જ હતી કે, "મારી ફાંસીની સજા કેન્સલ થવી ન જોઈએ. હું ફાંસી પામીને જ દેશને વધારે કામ આવી શકીશ. જો આમ થશે તો પ્રત્યેક મા પોતાના દિકરાને ભગતસિંહ જેવો બનાવશે..." ૨૮મી સપ્ટેમ્બર ૧૯૦૭ એ ઈતિહાસના પાને એટલા માટે યાદ છે કે આ દિવસે હિન્દુસ્તાનના એવા ભડવીરનો જન્મ થયો હતો કે જેણે નાની ઉંમરમાં અંગ્રેજોનું જીવન હરામ બનાવી દીધું હતું. આજે ભગતસિંહની ૧૧૩મી જન્મજયંતિ છે. તેમની માતા જ્યારે તેમને મળવા માટે જેલમાં આવી ત્યારે તેઓ જોર જોરથી હસતા હતા. અંગ્રેજી હકૂમતે તેમની સજા ૭મી ઓક્ટોબર ૧૯૩૦માં જાહેર કરી હતી અને ૨૪મી માર્ચ ૧૯૩૧ના રોજ તેમને ફાંસી આપવાનું નિયત કર્યું હતું પરંતુ અંગ્રેજો એટલા બધાં ગભરાઈ ગયા હતા કે ભગતસિંહને નિયત સમય કરતાં ૧૧ કલાક પહેલાં ફાંસી આપી દીધી હતી. અંગ્રેજોને ભારતમાંથી હાંકી કાઢવાનો નિશ્ચય મનમાં નક્કી કરી લીધો હતો અને તેના માટે કુરબાની આપવા પણ તેઓ તૈયાર હતા.

**જલિયાંવાલા બાગની કત્લેઆમથી દુખી હતા...**

ભગતસિંહનો જન્મ લાયલપુરના બંગામાં થયો હતો, જે સ્થળ હાલ પાકિસ્તાનના પંજાબમાં છે. તેમની માતાનું નામ વિદ્યાવતી અને પિતાનું નામ કિશનસિંહ હતું. આ સમયે ભગતસિંહના કાકા અજીતસિંહ અને શ્વાસસિંહ ભારતની આઝાદીમાં તેમનો સહયોગ

### બુરાઇ ઇસલિયે નહીં બઢતી કિ બુરે લોગ બઢ ગયે હૈ, બલ્કે બુરાઇ સહન કરને વાલે લોગ બઢ ગયે હૈ

આપી રહ્યાં હતા. આ બન્ને કરતારસિંહ સરભા દ્વારા સંચાલિત ગદર પાર્ટીના સભ્યો હતા એથી તેમનો ઉછેર બાળપણથી જ દેશભક્તિના વાતાવરણમાં થયો હતો. કરતારસિંહને તેઓ પોતાનો આદર્શ માનતા હતા જેમને ૧૯ વર્ષની વયે ફાંસી પર લટકાવી દેવામાં આવ્યા હતા. તેમની ફાંસીની ભગતસિંહ પર એટલી અસર થઈ કે તેમને મનમાં નક્કી કરી લીધું હતું કે ગમે તે થાય તેઓ અંગ્રેજોને ભારતમાંથી ભગાડી જ જંપશે. ૧૩મી એપ્રિલ ૧૯૧૯માં જલિયાંવાલા બાગમાં અંગ્રેજોએ હજારો નિર્દોષ લોકો પર ગોળીઓ વરસાવી ત્યારે ભગતસિંહનું મન હચમચી ગયું હતું. તે વખતે તેમણે ત્યાં પડેલા શહીદોના લોહીને અડીને અંગ્રેજોને ભગાડવાની કસમ લીધી હતી. તેમણે લોહીથી લથપથ માટી એક બોટલમાં ભરી દીધી હતી અને રોજ તેની પૂજા કરતા હતા. આ સાહસમાં તેમના ભાગીદાર સુખદેવ અને રાજગુરૂ હતા.

**ગાંધીજી સાથે રહ્યાં અને તેમનાથી અલગ પણ થયાં...**

સાયમન કમિશનના કારણે લાલા લજપતરાયનું મૃત્યુ થયું તેથી ભગતસિંહ, સુખદેવ અને રાજગુરૂએ ભેગા મળીને સાયમન કમિશનની હત્યા કરી નાંખી હતી, ત્યારબાદ તેઓએ અંગ્રેજો દ્વારા જાહેર કરેલા યુનિયન ડિસપ્યુટ બિલ અને પબ્લિક સેફટી બિલનો વિરોધ કર્યો હતો અને બ્રિટીશ સરકારની એસેમ્બલીમાં બોમ્બ ફેંક્યો હતો તેથી તેમની અને તેમના મિત્રોની ધરપકડ કરવામાં આવી હતી. લાહોરની નેશનલ કોલેજમાં અભ્યાસ છોડીને ભગતસિંહે ૧૯૨૦માં મહાત્મા ગાંધી દ્વારા ચલાવવામાં આવી રહેલા અહિંસા આંદોલનમાં ભાગ લીધો હતો જેમાં ગાંધીજી વિદેશી સામાનનો બહિષ્કાર કરી રહ્યાં હતા. ૧૪ વર્ષની ઉંમરમાં તેમણે સરકારી સ્કૂલોના પુસ્તકો અને કપડાં સળગાવી દીધાં હતા, ત્યારબાર તેમના પોસ્ટર ગામડાઓમાં છપાવા લાગ્યા હતા. તેઓ પહેલાં મહાત્મા ગાંધીના આંદોલનમાં સક્રિય હતા અને ભારતીય નેશનલ કોન્ફરન્સના સભ્ય બન્યાં હતા. ૧૯૨૧માં ચોરા-ચોરા હત્યાકાંડ પછી ગાંધીજીએ જ્યારે કિસાનોને સાથ આપ્યો નહીં તેનો ઉંડો પ્રભાવ ભગતસિંહ પર પડ્યો હતો. તેઓ ચંદ્રશેખર આઝાદના નેતૃત્વમાં ગઠિત થયેલા ગદર સેલનો હિસ્સો બન્યાં હતા. તેમણે ચંદ્રશેખર સાથે મળીને અંગ્રેજો સામે આંદોલન શરૂ કરી દીધું હતું. ૯મી ઓગષ્ટ ૧૯૨૫ના રોજ શાહજહાંપુર થી લખનૌ સુધી ચાલતી પેસેન્જર ટ્રેનમાં કારોરી સ્ટેશન પર તેમણે સરકારી ખજાનો લૂંટી લીધો હતો. આ ઘટના કાકોરી કાંડના નામથી ઈતિહાસમાં જાણીતી છે.

**ફિલ્મોના શોખીન, ચાર્લી ચેપ્લિનની ફિલ્મો જોઇ હતી...**

કાકારો કાંડ પછી અંગ્રેજોએ હિન્દુસ્તાન રિપબ્લિક એસોસિયેશનના ક્રાન્તિકારી આગેવાનોની ધરપકડ શરૂ કરી હતી અને પ્રત્યેક જગ્યાએ એજન્ટો મૂકી દીધા હતા. ભગતસિંહ અને સુખદેવ લાહોર પહોંચી ગયા હતા જ્યાં ભગતસિંહના કાકા સરદાર કિશનસિંહે દૂધનો કારોબાર શરૂ કરવાનું કહ્યું હતું. તેઓ ભગતસિંહના લગ્ન કરાવવા માગતા હતા. એક સમયે તેઓ છોકરી લઈને પહોંચી ગયા હતા. તેમણે લગ્ન અંગે માતા-પિતાને કહ્યું કે—જો મને ગુલામ ભારતમાં લગ્ન કરાવવામાં આવશે તો મારી પત્નિ મારા માટે મોત લઈને આવશે. ભગતસિંહ કાગળ અને પેન્સિલ લઈને દૂધનો હિસાબ કરતા હતા પરંતુ હિસાબ મળતો ન હતો. સુખદેવ અને ભગતસિંહ દૂધ પી જતા હતા અને મફતમાં લોકોને પિવડાવતા હતા. તેમને ફિલ્મો જોવાનો અને રસગુલ્લા ખાવાનો શોખ હતો. રાજગુરૂ અને યશપાલ સાથે તેમણે ચાર્લી ચેપ્લિનની ખૂબ ફિલ્મો જોઈ હતી. આ સમયે તેમની ઉપર ચંદ્રશેખર આઝાદ ખૂબ ગુસ્સે થયા હતા.



### માત્ર ૨૩ વર્ષની વયે દેશ માટે કુરબાન થયેલા ભગતસિંહની ૧૧૩મી જન્મજયંતિએ ઇક્લાબ જીંદાબાદ

**મજૂરોને અન્યાયકર્તા પૂંજીપતિઓના દુશ્મન હતા...**

ભગતસિંહે રાજગુરૂની સાથે મળીને ૧૭મી ડિસેમ્બર ૧૯૨૮માં લાહોરમાં અંગ્રેજી સહાયક પોલિસ અધિક્ષક જેપી સાંડર્સની હત્યા કરી હતી જેમાં ચંદ્રશેખરે તેમને સહાયતા કરી હતી. ક્રાન્તિકારી સાથી બટુકેશ્વર સાથે તેમણે બ્રિટીશ ભારતની તત્કાલિન સેન્ટ્રલ એસેમ્બલીના સભાગૃહમાં ૮મી એપ્રિલ ૧૯૨૯ના દિવસે અંગ્રેજ સરકારને જગાડવા બોમ્બ ફેંક્યો હતો. આ પછી પણ તેમણે ભાગી જવાનો ઈન્કાર કર્યો હતો. તેઓ ક્રાન્તિકારી દેશભક્ત જ નહીં, એક અધ્યયનશીલ વિચારક, કલમના ધની, દાર્શનિક, ચિંતક, લેખક, પત્રકાર અને મહાન માનવી હતા. તેમણે ૨૩ વર્ષની નાની ઉંમરમાં ફ્રાન્સ, આયર્લેન્ડ અને રશિયાની ક્રાન્તિનો ખૂબ અભ્યાસ કર્યો હતો. હિન્દી, ઉર્દુ, અંગ્રેજી, સંસ્કૃત, પંજાબી, બંગલા અને આઈરિશ ભાષાના ચિંતક અને વિચારક ભગતસિંહ ભારતમાં સમાજવાદના પહેલા વ્યાખ્યાતા હતા. તેમણે અકાલી અને કીર્તિ નામના બે અખબારોનું સંપાદન કર્યું હતું. તેઓ જેલમાં બે વર્ષ રહ્યાં હતા. જેલમાં તેમણે લખેલા લેખમાં અનેક પૂંજીપતિઓને તેમના દુશ્મન બનાવ્યા હતા. તેમણે લખ્યું હતું કે મજૂરોનું શોષણ કરનારા ભલે ભારતીય હોય પરંતુ તે તેમના શત્રુ છે. તેમણે જેલમાં અંગ્રેજીમાં મેં નાસ્તિક ક્યોં હૂં... નામનું પુસ્તક લખ્યું હતું. તેમણે અને તેમના સાથીઓએ ૬૪ દિવસ સુધી ભૂખ હડતાલ કરી હતી જેમાં એક સાથી યતીન્દ્રનાથે પ્રાણ છોડી દીધા હતા.

**એસેમ્બલીમાં બોમ્બ અંગ્રેજોને ચેતવણી આપવા ફેંક્યો...**

પાકિસ્તાનમાં શહીદ ભગતસિંહના નામ પણ ચારરસ્તાનું નામ આપવા માટે લાહોર પ્રશાસને એલાન કહ્યું હતું કે મશહૂર શાદમાન ચોકનું નામ બદલીને ભગતસિંહ રાખવામાં આવશે ત્યારે મોટી બબાલ શરૂ થઈ હતી. જલિયાંવાલા બાગનો હત્યાકાંડ થયો ત્યારે ભગતસિંહની ઉંમર માત્ર ૧૨ વર્ષની હતી. ખબર મળતાં તેઓ સ્કૂલ છોડી ૧૨ કિલોમીટર ચાલીને ઘટનાસ્થળે ગયા હતા. ઈતિહાસમાં કહેવાયું છે કે ભગતસિંહ રક્તપાતના પક્ષમાં ન હતા પરંતુ તે વામપંથી વિચારધારામાં માનતા હતા તેમજ કાર્લ માર્ક્સના સિદ્ધાંતોથી તેમનો નાતો હતો અને તે વિચારધારા તેઓ આગળ વધારતા હતા. જો કે તેઓ સમાજવાદના પાક્કા પોષક પણ હતા. કોંગ્રેસમાં હોવા છતાં પાર્ટીએ તેમને શહીદનો દરજ્જો આપ્યો ન હતો. મજૂર વિરોધી નીતિના તેઓ દુશ્મન હતા. દિલ્હી કેન્દ્રીય એસેમ્બલીમાં જ્યારે બોમ્બ ફેંકવાની યોજના બનાવી ત્યારે તેમનો ઈરાદો ખૂનખરાબી કરવાનો ન હતો, માત્ર અંગ્રેજોને ચેતવણી આપવાનો હતો. એસેમ્બલીમાં એવી જગ્યાએ બોમ્બ ફેંક્યો હતો કે જ્યાં કોઈ વ્યક્તિ મોજૂદ ન હતો. તેઓ બોમ્બ ફેંકીને ભાગી શક્યા હોત પરંતુ તેમણે ધરપકડ વહોરી લીધી હતી. બોમ્બ બ્લાસ્ટ પછી તેમણે ઈન્કલાબ જિન્દાબાદનો નારો લગાવ્યો હતો.

**સજા માફી માટે અપીલ થઇ પણ તે વિરૂદ્ધમાં હતા...**

૨૬મી ઓગષ્ટ ૧૯૩૦માં અદાલતે ભગતસિંહને ભારતીય દંડ સહિંતાની કરમ ૧૨૯, ૩૦૨ અને વિસ્ફોટર પદાર્થ અધિનિયમની કલમ ૪ અને ૬એફ તેમજ આઈપીસી કલમ ૧૨૦ હેઠળ અપરાધી સિદ્ધ કર્યા હતા. ૭મી ઓક્ટોબર ૧૯૩૦માં અદાલતે તેના ૬૮ પાનાના ચૂકાદામાં નિર્ણય આપ્યો હતો જેમાં ભગતસિંહ, સુખદેવ અને રાજગુરૂને ફાંસીની સજા હતી. તેમની ફાંસીની સજાની માફી માટે પ્રિવી પરિષદમાં અપીલ દાખલ કરવામાં આવી હતી પરંતુ ૧૦મી જાન્યુઆરી ૧૯૩૧માં તેને રદ કરવામાં આવી હતી. જોકે ત્યારબાદ તત્કાલિન કોંગ્રેસ અધ્યક્ષ મદન મોહન માલવિયાએ વાઈસરોય સામે સજા માફી માટે અપીલ દાખલ કરી હતી. ગાંધીજીએ પણ વાઈસરોય સાથે વાત કરી હતી. જો કે આ તમામ પ્રક્રિયા ભગતસિંહની ઈચ્છાની વિરૂદ્ધ થતી હતી, કારણ કે તેઓ એવું ઈચ્છતા ન હતા કે તેમની ફાંસી માફ થાય. આખરે ૨૩મી માર્ચ ૧૯૩૧ના રોજ સાત કલાક ને ૩૩ મિનિટે ત્રણેય ક્રાન્તિવીરોને ફાંસી આપવામાં આવી હતી.

**છેલ્લી ઇચ્છા--- મને લેનિનું જીવન વાંચવા દો...**

ભગતસિંહને ફાંસી અપાઈ એના બે કલાક પહેલાં તેના વકીલ પ્રાણનાથ મહેતા તેમને મળવા ગયા હતા. તેમને જોઈ ભગતસિંહે કહ્યું કે મારા માટે રેવલ્યૂશનરી લેનિન પુસ્તક લાવ્યા કે નહીં... મહેતાએ જ્યારે તેમને પુસ્તક આપ્યું ત્યારે તેઓ વાંચવા લાગ્યા હતા. ફાંસી પહેલાં તેમને જ્યારે છેલ્લી ઈચ્છા પૂછવામાં આવી ત્યારે તેમણે કહ્યું કે મને લેનિનનું જીવનચરિત્ર્ય વાંચવા દેવામાં આવે. આ સમયે તેઓ લેનિનનું પુસ્તક વાંચી રહ્યાં હતા. જેલના અધિકારીઓએ જ્યારે સૂચના આપી કે ફાંસીનો સમય થઈ ગયો છે ત્યારે તેમણે કહ્યું કે રોકાઈ જાવ... પહેલાં એક ક્રાન્તિકારી બીજાને મળી લે... એક મિનિટ પછી તેમણે પુસ્તકને હવામાં ઉછાળી કહ્યું... ઠીક છે, હવે ચલો... ફાંસીના માચડા પાસે જતાં ત્રણેય ક્રાન્તિવીર ગાઈ રહ્યાં હતા.... મેરા રંગ દે બસન્તી ચોલા, મેરા રંગ દે.. ફાંસી પછી કોઈ જગ્યાએ આંદોલન ન થાય તે માટે અંગ્રેજોએ પહેલેથી તેમના મૃત શરીરના ટુકડા કર્યા હતા અને બોરીમાં ભરીને ફિરોજપુર લઈ ગયા હતા અને ત્યાં સળગાવી દેવામાં આવ્યા હતા. નદી કિનારે આગ જોઈને ગામલોકોએ દોટ મૂકી ત્યારે અંગ્રેજો અર્ધબળેલા ટુકડા સતલજ નદીમાં ફેંકીને ભાગી ગયા હતા. આખરે ગ્રામજનોએ

### અંગ્રેજો એટલા બધાં ડરી ગયા હતા કે નિયત સમય કરતાં ૧૧ કલાક વહેલાં ફાંસી આપી દીધી હતી

તેને એકત્ર કરીને વિધિવત અગ્નિદાહ આપ્યો હતો. અંગ્રેજોની સાથે લોકોએ ગાંધીજીને પણ જવાબદાર ઠેરવ્યા હતા. આ કારણે જ્યારે ગાંધીજી કોંગ્રેસના લાહોર અધિવેશનમાં ભાગ લેવા જતા હતા ત્યારે લોકોએ કાળા ઝંડા બતાવીને ગાંધીજીનું સ્વાગત કર્યું હતું. એક જગ્યાએ તેમની પર હુમલો થયો હતો પરંતુ પોલીસે બચાવી લીધા હતા.

**ભારત જ નહીં પાકિસ્તાન પણ યાદ કરે છે...**

ભગતસિંહ કહેતા હતા કે ---કિસીને સચ હી કહા હૈ... સુધાર બુઢે આદમી નહીં કર સકતે. વે તો બહુત હી બુદ્ધિમાન અને સમજદાર હોતે હૈ... સુધાર તો હોતે હૈ યુવકોં કે પરિશ્રમ, સાહસ, બલિદાન ઔર નિષ્ઠા સે, જિનકો ભયભીત હોના આતા હી નહીં ઔર જો વિતાર કમ ઔર અનુભવ અધિક કરતે હૈ... આજે પણ માત્ર ભારત જ નહીં, પાકિસ્તાનની જનતા ભગતસિંહને આઝાદીના દિવાનાના સ્વરૂપમાં જુએ છે કે જેમણે તેમની જવાની સહિત તમામ જીવન દેશ માટે સમર્પિત કર્યું છે.

**ભગતસિંહના પાંચ વાક્યો આજે પણ યાદ કરાય છે...**

૧. જિંદગી તો અપને દમ પર જી જાતી હૈ, દૂસરો કે કંધોપર તો સિર્ફ જનાજે ઉઠાયે જાતે હૈ...
૨. મૈં ખુશી સે ફાંસી પર ચઢૂંગા ઔર દુનિયા કો દિખલાઉંગા કિ કૈસે ક્રાન્તિકારી દેશભક્તિ કે લિયે ખુદ કો બલિદાન દે સકતે હૈ...
૩. મૈં ઈસ કદર વાકિફ હૈ મેરી કલમ મેરે જજ્બાતોં સે, મૈં ઈશ્ક લિખના ભી ચાહૂં તો ઈન્કલાબ લિખ જાતા હૈ...
૪. ઈન્સાન કો તો મારા જા સતા હૈ, પર ઉનકે વિચારોં કો નહીં...
૫. બુરાઈ ઈસલિયે નહીં બઢ રહી હૈ કિ, બુરે લોગ બઢ ગયે હૈ બલ્કિ બુરાઈ ઈસલિયે બઢ કરી હૈ ક્યોંકિ બુરાઈ સહન કરને વાલે લોગ બઢ ગયે હૈ...